# <u>ગ્રાહકોને સૂચના</u>

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસએ તા.૨૫-૧૧-૨૦૨૧ ના રોજ પરિપત્ર નં. ૨૦/૨૦૨૧ દવારા ઇન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧ની પેટા કલમ ૧૯૪ (ક્યુ) ની પેટા કલમ (૩) મુજબ પડતી મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી ચોક્કસ માર્ગદર્શિકા બહાર પાડી છે. ઉપરોક્ત પરિપત્રના ફકરા ૫-૩ મુજબ કલમ ૨૦૬ (સી) ની પેટા-કલમ (૧) માં દર્શાવેલ માલસામાનને લગતા વ્યવહારો પર ૧૯૪(ક્યુ) હેઠળ ખરીદનારે ટીડીએસ કાપવો જરૂરી છે. પરંતુ કલમ ૨૦૬ ( સી ) ની પેટા કલમ (૧એ) દ્વારા આપવામાં આવેલી મુક્તિ મેળવવા માટે ખરીદનારે વેચનારને ડેકલેરેશન આપવાથી ટીસીએસ વસૂલ કરવામાં આવતો નથી  તદનુસાર, ઉપરોક્ત્ત પરિપત્ર બહાર પડયાની તારીખથી ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમીટેડ (જીએમડીસી) પાસેથી કરેલ લિગ્નાઇટની ખરીદી પર કલમ ૧૯૪ (ક્યુ) ની પેટા-કલમ (૧) અનુસાર ઉલ્લેખિત ખરીદનારાઓએ જ્યાં સુધી તેમના દ્વારા ડેકલેરેશન પાછું ખેંચવામાં ન આવે ત્યાં સુધી ૨૦૬ (સી) (૧એ) હેઠળ કરેલ ડેકલેરેશનની સામે ટીડીએસ કાપવાનો રહેશે. સરળ અનુપાલનની ખાતરી કરવા માટે , જીએમડીસી ધ્વારા એવું નક્કી કરવામાં આવે છે કે ખરીદનારાઓએ ડીઓ ( DO ) મુકતી વખતે જીએમડીસીને પૂરી ચૂકવણી કરવાની રહેશે અને ૨૫/૧૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ દરમિયાન કરેલી ખરીદી ઉપર જીએમડીસી ધ્વારા ટ્રેસીસ (TRACES) ધ્વારા યોગ્ય રીતે જનરેટ થયેલ ફોર્મ ૧૬ એ રજૂ કરવામાં આવતા ટીડીએસની રકમ ખરીદનારને અલગથી પરત કરવામાં આવશે. ખરીદનારાઓને કોઇ મુશ્કેલી પડે તો નીચે સહી કરનારના ધ્યાન પર લાવવી.

ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમીટેડ